## ડાયરેક્ટ ❤ સે

આપણે
એવો સંવેદનબધિર
સમાજ રચીને બેઠાં છીએ
જ્યાં ભોળપણ
હાસ્યાસ્પદ ગણાય છે
અને કપટ
સ્માર્ટનેસ ગણાય છે

## જન્મદિને વધામણી



શીતલબેન
રમેશભાઈ પરમાર



જયનીલ
જયેશકુમાર જોષી

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

# ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકામાં સેવાકાર્ય



શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના છાત્રેશ્વરી ગામમાં આ રવિવારથી ખીચડી અને શાકની શરૂઆત કરવામાં આવી છે. જે વૃદ્ધો અનાજની કિટ લેવા આવ્યા હતા તેમને સ્ટીલની ડીશ પણ ભેટમાં આપવામાં આવી હતી. રવિવારે સવારે ૩૦ લાભાર્થી અહીં ઉપસ્થિત હતા, જેમને ખીચડી, શાક અને કેળાં આપવામાં આવ્યાં હતાં. દર રવિવારે સવારે ૧૦.૩૦ કલાકે સ્કૂલમાં આચાર્યની દેખરેખ હેઠળ આ કાર્ય કાયમ રહેશે. પ્રથમ રવિવારે મિલિન્દ ગુપ્તે તથા શ્રુતિ ગુપ્તે ઉપસ્થિત રહ્યા હતા.

# વિદ્યાર્થીઓ દ્વારા લવારપુરમાં સફાઈ-વૃક્ષારોપણ



સર્વ નેતૃત્વના પૂર્વ તાલીમાર્થીઓ દ્વારા લવારપુર ખાતે છેલ્લાં ત્રણ વર્ષથી ‘સ્વચ્છતાના પગલે’ નામના પ્રોજેક્ટ અંતર્ગત સફાઈનું કામકાજ કરવામાં આવે છે. જેના ભાગરૂપે આ યુવાનો દ્વારા સ્મશાનની સફાઈ કરી લવારપુરના અલગ અલગ વિસ્તારોમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વૃક્ષોમાં મુખ્યત્વે લીમડો, ગરમાળો, બદામ, ગુલમહોર, સપ્તપદી તથા વડનો સમાવેશ કર્યો હતો. યુવાનોનો ઉત્સાહ વધારવા લવારપુરના સરપંચ હર્ષદભાઈ પટેલ અને શિક્ષક ભાવેશભાઈ વાઘેલા સહિત ગામના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા ધવલ મહેતાની આગેવાની હેઠળ હર્ષિલ, ગુંજન, પ્રિન્સ, સ્મિત, જોય, ડેનિસ, જિજ્ઞેશ, યશ, દીપ, પ્રણવ, રવિ અને બંસીએ જહેમત ઊઠાવી હતી.

### સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલ નૅશનલ સાયન્સ સૅમિનારમાં

ગાંધીનગર, તા. ૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પીટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલે તાજેતરમાં નૅશનલ સાયન્સ સૅમિનારમાં ભાગ લીધો હતો.

ગુજરાત કાઉન્સિલ ઑન સાયન્સ એન્ડ ટૅકનોલૉજી ગાંધીનગર અને નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના ઉપક્રમે શુક્રવારે નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટર ખાતે આયોજિત નૅશનલ સાયન્સ સૅમિનારમાં શાળાની પ્રતિનિધિ હાર્દી ચૌધરીએ ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે સેમિનાર ‘ઔદ્યોગિક ક્રાંતિ ૪.૦ : શું આપણે તૈયાર છીએ ?’ વિષયે યોજવામાં આવ્યો હતો.

# એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાયમરી શાળામાં ઈ-વેસ્ટ જાગરૂકતા અભિયાન




એસ. જી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ માટે ખાતે નાથીબા હોલમાં E- WASTE અંગેની જાણકારી મળી રહી તે માટે અમદવાદની સંસ્થા E-COLI WASTE MANGEMENT AHMEDABADના સહયોગથી એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નાટક દ્વારા E-WASTEના યોગ્ય નિકાલ માટેની માહિતી આપવામાં આવી હતી.

# રિશેષના સમયનો સદુપયોગ કરી વૃક્ષોની જાળવણીનો સંદેશ



વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સાથે ઈતરપ્રવૃત્તિઓ તો શાળાઓ કરાવે જ છે પરંતુ તેમનો અભ્યાસ ન બગડે તે રીતે વૃક્ષારોપણનો કાર્યક્રમ અને તેના જતન અર્થે રિશેષના ટાઈમનો ઉપયોગ કરવાનો નિર્ણય સૅક્ટર-૨૮/૧ સરકારી પ્રાથમિક શાળા દ્વારા કરવામાં આવ્યો છે. કૌશલ્ય ગૃપનાં મહિલા સભ્યો દ્વારા તાજેતરમાં સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને વૃક્ષને ઉછેરનાર વિદ્યાર્થીઓને સ્મૃતિભેટ પણ આપવામાં આવી હતી. અભ્યાસ ન બગડે તે હેતુસર વૃક્ષની જાળવણી રિશેષમાં કરવાનો અનુરોધ વિદ્યાર્થીઓને કરવામાં આવ્યો હતો.

# સ્વચ્છતાના માર્ગે સોલિડ વેસ્ટ એક મોટી સમસ્યા







સ્કૂલમાં અભ્યાસ કરતા ત્યારે પ્રાથમિક શાળાઓના ઓરડા અને બીજી દીવાલો ઉપર જે સૂત્રો લખવામાં આવતાં તે આજે પણ દિમાગમાં સચોટ યાદ રહી ગયા છે. આ પૈકી એક સૂત્ર હતું : ‘વાણી અને પાણી ચોખ્ખા રાખો.’ આજેય આ બાબત એટલી જ બંધબેસતી છે. બીજું સૂત્ર હતું : ‘જ્યાં સ્વચ્છતા ત્યાં પ્રભુતા.’ ૧૯૬૦ના દાયકાની આ વાત આજે પણ એટલી જ ઉચિત જણાય છે. વડાપ્રધાન દિલ્હીમાં ગયા પછી તેમણે જે મિશનની યાદી ઉપાડી છે તેમાં સ્વચ્છ ભારત સૌથી આગત્યનું મિશન છે. પ્રજાને પણ સ્વીકાર્ય છે. નવી કરન્સી નોટમાં ગાંધીબાપુનાં ચશ્માંની અંદર મુખ્ય સંદેશ મૂકવામાં આવ્યો છે. ભારતને આઝાદી પ્રાપ્ત થઈ ત્યારથી આજ સુધીમાં આપણા રાષ્ટ્રની છબિ ગરીબી અને ગંદકીથી ખદબદ ઉપસી અને પ્રજા બીમાર પડે, દર્દથી અકાળે અવસાનો થાય, મહામારી આવી પડે છતાતં એક લોક ચળવળના ભાગરૂપે કદી આ પ્રશ્નને છેડવામાં આવ્યો ન હતો એ આપણે સ્વીકારવું જ પડે. ભારતના પ્રશ્નોમાં સર્વજન હિતને જાળવવામાં સ્વચ્છતા ટોચ પર છે છતાં લોકો હવે આ બાબતે જાગૃત થવા લાગ્યા છે. કચરો હંમેશાં કચરો જ હોય છે. એ ભૌતિક રૂપમાં હોય કે વૈચારિક સ્વરૂપમાં હોય તે હંમેશાં હાનિ પહોંચાડે છે. વૈચારિક કચરો માનવ દિમાગમાં સચવાય છે તેથી પ્રથમ દૃષ્ટિએ દેખાતો નથી પરંતુ જે ભૌતિક કે સ્થૂળ સ્વરૂપમાં કચરો ભેગો થાય છે. તેનાથી આપણી સામાજિક પીડા-બીમારીઓ, મૂંઝવણો સતત વધતી જાય છે. અમદાવાદ-દિલ્હીના જે ગંજાવર ઢગલા ઊભા થયા તે પહાડો જેવા થઈ ગયા છે અને આ સૉલિડ વેસ્ટ મૅનેજમૅન્ટમાં આપણે નિષ્ફળ થયા છીએ.

જેમ સ્વચ્છ રહેવું એ માનસિકતા કેળવાતી નથી એમ જ કચરો જ્યાં ત્યાં ફેંકવાની સ્થિતિ શૈલીમાં જલદી પરિવર્તન આવતું નથી. સૂકા-ભીના કચરા માટે સરકાર પણ ખૂબ જાહેરાતો કરે છે પણ એ જનઆંદોલનમાં હજી બંધબેસતું નથી.

મેલું ઉપાડવાની પ્રથા જ બંધ થઈ પણ શૌચાલયો જે બની રહ્યાં છે તેની ખસ્તા હાલત મીડિયા ઉજાગર કરે ત્યારે જ ખબર પડે છે કે જે શૌચાલયો બન્યાં છે તેમાં કાગળ પર લક્ષ્યાંકો અને જમીન પર વરવી વાસ્તવિકતાઓ અર્થાત બારણાં વગરનાં કે પછી ઉપર છત-ધાબું ના હોય અથવા એ અતિ નબળી કભાનાં બન્યાં એટલે હાજતે જવાની સુવિધા મળવાની ઉમદા નીતિ સામે સુશાસનમાં કમી પ્રવર્તે છે જ. હવે મુખ્ય મુદ્દો ચિંતા એ છે કે કચરો સતત વધતો જ જાય છે. તેનું શું કરવું ? લાખો મેટ્રિક ટન કચરાનો નિકાલ કરવાની વાત ચિંતા કરતાં પ્લાનિંગ સાથે વધુ સંબંધ ધરાવે છે. પ્લાસ્ટિક ઉપર પ્રતિબંધ લગાવવામાં આવ્યો તો પણ ઘણાં લોકોને ગમ્યું નહીં પણ પ્લાસ્ટિકની કોથળીમાં ચ્હા-કૉફી લઈ જવાનું અને પ્લાસ્ટિકના કપમાં તે પીવાનું ચલણ કૅન્સરની બિમારી સર્જે છે એ ખબર પડતી ગઈ તેમ તેમ લોકો જાગૃત થવા લાગ્યા અને હવે લોકો શાકભાજી લેવા જાય છે તો કપડાંની થેલી લઈને જાય છે અને આ પ્રમાણે બધાં પોતપોતાની જીવનશૈલીમાં હકારાત્મક સુધારણા કરે તો આપણો દેશ સ્વચ્છ ભારત અવશ્ય થઈ શકે છે. વર્ષો પહેલાંના રેલવે સ્ટેશનોની છબિ જે હતી એ આજે સો ટકા બદલાઈ છે. હવે કચરાપેટીમાં જ કચરો નાખવામાં આવે છે. મેડિકલ સાધનો સંલગ્ન કચરો એ સૌથી વધુ હાનિકારક હોવાનું કહેવાય છે. સૂકા-ભીના કચરાને લોકો જ અલગ અલગ એકઠો કરે તો તેના નિકાલમાં આસાની ઊભી થાય છે. કચરા ઉપાડવાવાળા લોકો તો હકિકતમાં સફાઈવાળા છે, કચરાવાળા તો આપણે છીએ.

દિલ્હીથી ગુજરાત રેલવે દ્વારા આવીએ ત્યારે હરિયાણા સુધી ટ્રેકની બંને બાજુએ જે કુદરતી હાજતે જનારા લોકો, ગંદાં પાણી, ગંદી વાસ, ઢોરનાં મળ, ગટરોનાં પાણી, ઝૂંપડાંની સ્થિતિ એ બધું જોતાં આપણા દિલને એક ઝાટકો તો અવશ્ય લાગે છે અને વેદના થાય છે કે આપણા દેશની આવી ખરાબ હાલત ! ક્યારે આમાંથી બહાર નીકળાશે ?

છાને ખૂણે ભ્રષ્ટાચારનો ભસ્માસૂર જીવી રહ્યો છે એ હમણાં જ સાબિત થયું છે. અમદાવાદના કચરાવાળા કચરો ઉપાડીને લઈ જાય પછી તે વાહનમાં ભરેલા કચરા ઉપર પાણી રેડે, તેને ભીનો કરે. શા માટે ? વજન મુજબ પૈસા મળે છે માટે. બીજા એક કિસ્સામાં ગુરુકુળ રોડ પાસે એક દુકાન આગળ કચરો ઠાલવે અને પાછા એ જ ઉપાડવાય આવે. સીસીટીવી કૅમેરામાં આ બધું કેદ થયું અને મીડિયામાં જાહેર થયું. એવું લાગ્યું કે ભ્રષ્ટાચાર રક્તબીજ રાક્ષસ જેવો છે. કચરાનો વૈજ્ઞાનિક ઢબે યોગ્ય નિકાલ થાય તો ખાતર પણ મેળવી શકાય છે. બધાં સુધરે તો જ રાષ્ટ્ર સુખી થાય તે અહીં નોંધવું ઘટે.

**શેર આસ્વાદ**

તું ખુદમાં લખી જો એક કાનો,
પછી તું ખરેખર ખુદા થઈ જવાનો.

# મહંમદ રફીને શ્રદ્ધાંજલી અર્પણ કરવા ગીતોનો કાર્યક્રમ યોજાયો




## કલાકારો સંગ ગાંધીનગરના મૌલિક ત્રિવેદી અને જિજ્ઞા રાવલે સુંદર ગીતોની પ્રસ્તુતિ કરી

બ્રહ્મસમાજ દ્વારા સ્વ. મહંમદ રફીનાં ગીતોનો કાર્યક્રમ ‘એક શામ રફી કે નામ’નું આયોજન પંડિત દિનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ, અમદાવાદ ખાતે યોજવામાં આવ્યો હતો. સમસ્ત બ્રહ્મસમાજ પરિવાર ટ્રસ્ટનાં જાગૃતિબેન ત્રિવેદી અને મનીષભાઈ ત્રિવેદીના સહયોગથી બ્રહ્મ પરિવારના ઉગતા કલાકારોને મંચ મળી રહે તે ઉમદા હેતુથી આ સંગીતમય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ અંતર્ગત વૉઈસ ઑફ રફી મૌલિક ત્રિવેદી, ડૉ. અંજલી જોષી, ફોરમ દિક્ષિત, જીજ્ઞા રાવલે ગીતોની સુંદર જમાવટ કરી હતી. સંગીત સંચાલન કુંતલ મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું.

# મોટુ- પતલુએ અમદાવાદની મુલાકાત લીધી



ગાંધીનગર, તા. ૨

ફ્રેન્ડ્સ એકબીજાની ખૂબીઓને સામે લાવે છે અને હંમેશા બેસ્ટ ટુગેધર હોય છે.. આ ફ્રેન્ડશિપ ડે પર ભારતની નં. ૧ બાળકોની ચેનલ નિકલોડિયન મનોરંજક ઈબેસ્ટ ટુગેધર કેમ્પેઈન સાથે આ જોશ અને જલસો ઊજવવા માટે સંપૂર્ણ સુસજ્જ છે. આ મોજમસ્તીભર્યા ઉત્સવના ભાગરૂપ બીએફએફના મોટુ પતલુએ અમદાવાદની મુલાકાત લીધી હતી અને બેસ્ટ ફ્રેન્ડની જોડી સાથે યાદગાર દિવસની ઉજવણી કરી હતી, જેમણે બંનેએ મંચ ગજવ્યું હતું અને પોતાની પ્રતિભા બતાવી હતી.

મોટુ પતલુ સાથે સેન્ટ ઝેવિયર્સ હાઈ સ્કૂલ, અમદાવાદના બાળકો ફ્રેન્ડશિપ ડેની ઉજવણી કરી હતી. તેઓ આ નિમિત્તે એકબીજાને ભેટી પડતાં અને શુભેચ્છા આપતા જોવા મળ્યા હતા. બાળકોએ પણ મજેદાર દિવસ વિતાવ્યો હતો, જ્યાં તેમણે તેમના બીએફએફ સાથે મોજીલો પરફોર્મન્સ કર્યો હતો અને યાદગાર રહી જાય તેવી અમુક રોમાંચક સ્મૃતિઓ નિર્માણ કરી હતી.

નિકટૂન્સ મોટુ પતલુએ સ્કૂલોમાં પ્રવાસ કર્યો હતો, જ્યાં તેઓ બાળકોને મળ્યા હતા અને ફ્રેન્ડશિપની ઉજવણી કરી હતી. નિકલોડિયને એકબીજાના નિકટૂન્સ પૂરક કઈ રીતે છે અને ઈન્ટરએક્ટિવ જીઆઈએફ અને પોસ્ટ્સ થકી હંમેશાં ઈબેસ્ટ ટુગેધર છે તે બતાવવા માટે કેમ્પેઈનને ડિજિટલ બનાવી હતી.

તો ફ્રેન્ડ્સ, ફ્રેન્ડશિપ ડેના તમારા બેસ્ટ ફ્રેન્ડને કોલ કરો અને અમુક ઈબેસ્ટ ટુગેધર પળોનું નિર્માણ કરો.

# બીબીએ કૉલેજ દ્વારા મુન્દ્રા બંદરની ઔદ્યોગિક મુલાકાત



ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ગાંધીનગર,સેક્ટર-૨૩માં આવેલી બી.પી. કૉલેજ ઓફ બિઝનેસ એડમિનીસ્ટ્રેશનના સેમેસ્ટર-૬ના ૭૮ વિદ્યાર્થીઓએ કચ્છ જીલ્લામાં આવેલ મુન્દ્રા પોર્ટની બે દિવસીય મુલાકાત લીધી હતી. ઔધોગીક ક્ષેત્રની મુલાકાત પહેલા પૂરુરાજસિંહ ઝાલાએ અદાણી ગ્રુપ વિષે સંપૂર્ણ માહિતી આપી હતી. વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી જેમા ૧૩૭ સ્કવેર કિલોમીટર SEZ તેમજ ૯ સ્ક્વેર કિલોમીટર વેસ્ટ પોર્ટની મુલાકાત લીધી હતી, જેમા વિદ્યુત પ્લાન્ટ, ઓઈલ રીફાઈનરી પ્લાન્ટ તેમજ મુખ્ય પોર્ટનો સમાવેશ થાય છે. પ્રથમ દિવસે મનોહરસિંહ ગોહિલે વિદ્યાર્થીઓની સાથે રહી અદાણી પોર્ટના વિવિધ કાર્યો, પોર્ટનું ભારત દેશના વિકાસમા મહત્વ, તેમજ પોર્ટનું સચાલન અને વહીવટ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી વિદ્યાર્થીઓને પોર્ટની મુલાકાત દરમિયાન ઊંડાણપૂર્વક સમાજ આપી હતી.

શાંતિ વિહારમાં ચંદ્રકાંત પંડ્યા દ્વારા વિદ્યાર્થીઓને રાત્રે ભોજન બાદ સાંસ્કૃતીક કાર્યક્રમ માટે જરૂરી વ્યવસ્થા કરી આપી અને કાર્યક્રમમાં પણ હાજર રહ્યા હતા. બીબીએ નાં વિદ્યાર્થીઓ દ્વારા સંગીત વાદન, નૃત્ય અને ગરબાની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ઔદ્યોગિક મુલાકાતનાં બીજા દિવસે અદાણી વેસ્ટ પોર્ટ તેમજ અદાણી પાવર લિમિટેડ કે જે ભારતનો પ્રાઈવેટ ઑનર બેઈઝ પ્રથમ અને ઍશિયનો બીજા ક્રમે આવતો પાવર પ્લાન્ટ છે કે જે ૪૬૨૦ મેગા વોટ પાવર પ્રોડક્શનની ક્ષમતા ધરાવે છે તેની મુલાકાત લીધી હતી, વિદ્યુત ઉત્પાદનનાંબબ્બે પ્રકાર તેમજ તેના તમામ તબક્કાઓ બાબતે વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ જ્ઞાન આપવામાં આવ્યુ હતુ. આ વિઝિટ ને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટીના માર્ગદર્શન હેઠળ પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના હેડ ડૉ જયેશ તન્ના, પ્રો. આશિષ ભુવા અને પ્રો. પ્રીતેશ સોલંકી દ્વારા સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.